

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 32,(SURAT), DATE-28/01/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૩૨, (સુરત), તા.૨૮/૦૧/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 તાપી જિલ્લામાં ૭૭ માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણીની સાથે સાથે...

3 વાલોડના ઇસમના ખાતામાંથી ફિંગર પ્રિન્ટ મારફ્તે ૧.૨૦ લાખની ઠગાઈ

4 કામરેજની રામકબીર શાળાની શહેરી અને સુરત જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી


# ૭૭ મો પ્રજાસત્તાક દિવસઃ કર્તવ્ય પથ પર પરેડમાં ગુજરાતના ટેબ્લો અને EUની ટુકડીનું આકર્ષણ







**વડાપ્રધાનનો સંદેશ-** વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'ભારતની આન-બાન અને શાનનું પ્રતીક એવો આ રાષ્ટ્રીય પર્વ સૌના જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરે અને વિકસિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવે'.

ભારત આજે પોતાનો ૭૭ મો પ્રજાસત્તાક દિવસ અત્યંત ઉત્સાહ અને દેશભક્તિ સાથે ઉજવ્યો. કર્તવ્ય પથ પર ભવ્ય પરેડમાં ભારત પોતાની વિકાસ યાત્રા, સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને વધતી જતી સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું. આ વર્ષનો સમારોહ વંદે માતરમ ના ૧૫૦ વર્ષની થીમ પર આધારિત હતો, જેની આગેવાની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ કરી રહ્યા હતા.

**ઓપરેશન સિંદૂરની થીમ પર ખાસ ટેબ્લોનું પ્રસ્તુતિ**

પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોએ 'ઓપરેશન સિંદૂરઃ સંયુક્તતા દ્વારા વિજય' શીર્ષકવાળી એક શક્તિશાળી ત્રિ-સેવાઓની ટેબ્લો રજૂ કરી, જે પરિવર્તિત સંરક્ષણ ક્ષમતાઓ દ્વારા શક્તિ, એકતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વના રક્ષણનું પ્રતીક છે.

**શુભાંશુ શુક્લા અશોક ચક્રથી સન્માનિત**

૧૮ દિવસની અંતરિક્ષ યાત્રા કરીને ઈતિહાસ રચનારા શુભાંશુ શુક્લાને અશોક ચક્રથી રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરાયા.

**સિક્કિમમાં ૧૬૦૦૦ ફૂટની ઊંચાઈએ તિરંગો ફરકાવાયો**

બ્રહ્મોસ, આકાશ, સૂર્યાસ્ત્ર... કર્તવ્ય પર જોવા મળશે સૈન્યના આ ખતરનાક હથિયારો હતા.

આ વખતે રિપબ્લિક ડેની પરેડમાં ધનુષ ગન સિસ્ટમ અને અમોગ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ પરેડમાં સામેલ કરવામાં આવશે. બંને સિસ્ટમો આત્મનિર્ભર ભારતની ભાવના અને સંરક્ષણ ઉત્પાદનમાં ટેક્નોલોજીકલ સ્વનિર્ભરતા દર્શાવે છે. સુપરસોનિક બ્રહ્મોસ હથિયાર સિસ્ટમ અને સ્વદેશી સૂર્યાસ્ત્ર યુનિવર્સલ રોકેટ લોન્ચર સિસ્ટમ દ્વારા લાંબા અંતરની ચોકસાઇ અને જબરદસ્ત ફાયરપાવર દર્શાવવામાં આવશે. સાથે મળીને, આ ઊંડા પ્રહાર ક્ષમતા, દુશ્મનના પ્રદેશમાં ઊંડે સુધી પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવી.

મુખ્ય અતિથિ અને આંતરરાષ્ટ્રીય હાજરી આ વર્ષે પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય રંગ ઉમેરતા યુરોપિયન યુનિયનનું એક દસ્તો પણ ચાર ઝંડાઓ સાથે પરેડમાં ભાગ લીધો.

વિશેષ અતિથિ તરીકે ૪૦ દેશોના બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ પણ હાજર રહ્યા, જે વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશ આપ્યો.

**સૈન્ય શક્તિનું નવું આકર્ષણ**

'ઓપરેશન સિંદૂર' પરેડમાં ભારતની સૈન્ય તાકાતનું ભવ્ય પ્રદર્શન કરવામાં આવશે. આ વખતે 'ઓપરેશન સિંદૂર' માં વપરાયેલા પ્રમુખ હથિયારો અને નવી રચાયેલી સૈન્ય ટુકડીઓના મોડેલ રજૂ કરવામાં આવશે. સૌથી ખાસ આકર્ષણ ભારતીય સેનાનું ફેઝ્ડ બેટલ એરે પ્રદર્શન હશે, જેમાં ડ્રોન, ટેન્ક અને તોપખાના દ્વારા અસલી યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરયા.

## વાલોડ તાલુકામાં ગણતંત્ર દિવસની ઉજવણીઃ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાળાઓ-પંચાયતોમાં ઉજવણી



તાપી (વ્યારા)- વાલોડ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને ગ્રામ પંચાયત પરિસરોમાં ૭૭મા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને સ્થાનિક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉજવણી દરમિયાન રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો, જે રાષ્ટ્રીય ગૌરવ અને એકતાનું પ્રતીક બન્યો હતો.

## ૫૦ હજાર સુધીની લોનનું વિતરણ કરાયુંઃ વ્યારા ખાતે પીએમ સ્વનિધિ યોજના બની નાના વેપારીઓ માટે મોટો ટેકો



**તીરુવનંતપુરમ ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરક ઉદબોધનને વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળી માર્ગદર્શન મેળવ્યું હતું.**

વ્યારા- ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના માર્ગદર્શન હેઠળ આજ રોજ વ્યારા નગરપાલિકાના સભાખંડમાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં લાભાર્થીઓ, નાના વેપારીઓને આર્થિક ટેકો પૂરો પાડવા માટે પ્રથમ તબક્કાના રૂ. ૧૫૦૦૦, બીજા તબક્કાના રૂ. ૨૫૦૦૦ અને ત્રીજા તબક્કાના રૂ. ૫૦૦૦૦ સુધીની લોનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તકે વ્યારા નગરપાલિકા પ્રમુખ રીતેશભાઇ ઉપાધ્યાય ના માર્ગદર્શન હેઠળ એન.યુ.એલ.એમ. વિભાગના અધિકારી- કર્મચારી મયંકકુમાર ચૌધરી, જયાબેન ગામીત અને જુગલ ગામીતે યોજનાની માહિતી આપતા જણાવ્યું કે, આ યોજના નાના વેપારીઓને આર્થિક રીતે સદ્ધર કરી સન્માનપૂર્વક રોજગારી પૂરી પાડવાનું સબળ માધ્યમ છે. આ સાથે જ આધુનિક ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે લાભાર્થીઓને યુપીઆઈ-લિંક્ડ રૂપે ક્રેડિટ કાર્ડની મંજૂરી પણ એનાયત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિતોએ તીરુવનંતપુરમ ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરક ઉદબોધનને વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળી માર્ગદર્શન મેળવ્યું હતું.

## શ્રી સત્યસાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે ૭૭ માં પ્રજાસતાક દિન નિમિત્તે ધ્વજવંદન કરવામા આવ્યુ





**બારડોલી-** ૨૬ મી જાન્યુઆરી સમગ્ર રાજયમાં ૭૭ મા પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.

શ્રી સત્યસાઇ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે ૭૭ માં પ્રજાસતાક દિન નિમિત્તે શ્રી કૈલાશ બેન પરમાર ના હસ્તક ધ્વજવંદન કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી ભાનુબેન પટેલ, શ્રી કાંતિભાઈ પરમાર તથા સ્ટાફ / કર્મચારી હાજર રહ્યા હતા.

## દેશ વ્યાપી હડતાલમાં શહેરની બેન્કોના કર્મીઓ જોડાયાઃ કરોડોનું કિલયરન્સ અટક્યું : દેખાવો

પાંચ દિવસના સપ્તાહની માંગ સાથે દેશભરના બેંક કર્મીઓ આજે તા. ૨૭, સોમવારે એક દિવસની પ્રતિક હડતાલ પર ઉતર્યા છે ત્યારે આજે તમામ બેંકોના કર્મીઓએ સલાટવાડા, આરાધના સિનેમા સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે ધરણાં પ્રદર્શન યોજી ભારે સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજાવ્યું હતું. બેંકની હડતાલના કારણે કરોડો રૂપિયાના ચેકોનું ક્લિયરન્સ પણ અટકી ગયું હતું.

ઉલ્લેખનીય છે કે બેંક કર્મીઓએ પાંચ દિવસના સપ્તાહની માંગ શરૂ કરી છે છેલ્લા કેટલાય દિવસથી આ બાબતે રજૂઆતો પણ કરવામાં આવી હતી. માંગણી નહીં સંતોષાતા ગત તા. ૨૫, જાન્યુઆરીએ છેલ્લો શનિવાર હતો જયારે બીજા દિવસે તા. ૨૬મીએ પ્રજાસત્તાક દિનની જાહેર રજા હતી. જેથી બેંક યુનિયનો દ્વારા આ બંને દિવસની રજા બાદ આજે તા. ૨૭ જાન્યુઆરીએ દેશભરમાં બેંક કર્મીઓની એક દિવસની પ્રતિક હડતાલની જાહેરાત કરી હતી. આમ સતત ત્રણ દિવસ સુધી બેંક બંધ રહેવાના કારણે આર્થિક વ્યવહારોને ભારે અસર થઇ હતી. સતત ત્રણ દિવસ બેંકો બંધ રહેવાના પાંચ દિવસના સપ્તાહની માંગ સાથે દેશભરના બેંક કર્મીઓ આજે તા. ૨૭, સોમવારે એક દિવસની પ્રતિક હડતાલ પર ઉતર્યા છે ત્યારે આજે તમામ બેંકોના કર્મીઓએ સલાટવાડા, આરાધના સિનેમા સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે ધરણાં પ્રદર્શન યોજી ભારે સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજાવ્યું હતું. બેંકની હડતાલના કારણે કરોડો રૂપિયાના ચેકોનું ક્લિયરન્સ પણ અટકી ગયું હતું.


॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥

જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292

શ્રીબાલાજી ડાઈનીંગ હોલ

ગુજરાતી થાળી મળશે.

જમવાનું ૧૩૦/-

પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

મેરીયોટવિલા ની સામે, ધામળોદ રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)

YouTube

www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES

Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન. ફાર્મ હાઉસ. દુકાન પ્લોટ ફ્લેટ. રો હાઉસ. ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે. બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## વાવ-થરાદ ખાતે રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી



૨૬ મી જાન્યુઆરી સમગ્ર રાજયમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજયકક્ષાનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠાના વાવ-થરાદ ખાતે યોજાયો હતો. જ્યાં રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જયારે અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણીમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તિરંગો લહેરાવ્યો હતો. વાવ-થરાદ ખાતે આયોજિત રાજયકક્ષાના મહોત્સવમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરાવ્યું હતું. ધ્વજવંદન દરમિયાન આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ગુજરાત પોલીસના ૧૬૦૦ જેટલા જવાનોએ ૨૨ પ્લાટુનમાં વિભાજિત થઈને શિસ્તબદ્ધ પરેડ રજૂ કરી તિરંગાને સલામી આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ આપી છે. તેમણે જણાવ્યું છે કે, 'સૌ નાગરિકોને ૭૭મા પ્રજાસત્તાક પર્વની અનેકાનેક શુભકામનાઓ. આ પાવન અવસરે માતૃભૂમિની સ્વતંત્રતા માટે સર્વસ્વ ન્યોછાવર કરનાર ક્રાંતિવીરો અને ભારતીય લોકશાહીના પાયા સમાન બંધારણના ઘડવૈયાઓને વંદન. વિકસિત ભારત૨૦૪૭ના લક્ષ્ય તરફ દેશ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. આવો, આપણે સૌ એકતા અને સમરસતાના તાંતણે બંધાઈને 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે બંધારણીય મૂલ્યોને આત્મસાત કરીએ અને ભારતને વિશ્વના શિખર સ્થાને બિરાજમાન કરવાના પુરુષાર્થમાં સહભાગી બનીએ.'

અમદાવાદ જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ મકરબા પોલીસ હેડક્વાર્ટર ખાતે યોજાયો હતો. જયાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ધ્વજવંદન કરાવી પરેડનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ, હોમગાર્ડ, છઉ અને સ્ટુડન્ટ પોલીસ કેડેટની ટુકડીઓએ માર્ચ પાસ્ટ રજૂ કરી હતી. આ વર્ષે ૧૪ ભવ્ય ટેબલો (ઝાંખીઓ) રજૂ કરવામાં આવી હતી. જેમાં ૧૦ ટેબલો સરકારી વિભાગોની વિકાસગાથા અને ૪ ટેબલો પોલીસ વિભાગની કામગીરી દર્શાવતા હતા.

### સુરત જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૧૪.૨°C નોધાયું

## દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો, ધુમ્મસના કારણે વિઝિબિલટી ઘટી



બારડોલી- સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શિયાળાની જમાવટ જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરત જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૧૪.૨ °C થી ૧૬.૨ °C સુધી નોંધાયું છે, જેના કારણે વહેલી સવારે અને મોડી રાત્રે કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

દિવસ દરમિયાન આકાશ મુખ્યત્વે સાફ રહ્યું હતું, અને મહત્તમ તાપમાન ૨૮.૪ °C સુધી પહોચ્યું હતું. પવનની ગતિ સામાન્ય રહેતા દિવસના સમયે વાતાવરણ આહલાદક રહ્યું હતું.

જોકે, વહેલી સવારે ધુમ્મસની ચાદર છવાઈ જતાં વાહનચાલકોને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨-૩ દિવસ સુધી ઠંડીનું જોર યથાવત રહી શકે છે.

આ ઠંડક રવિ પાક માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેમ છતાં, પશુપાલકો અને ખેડૂતોને રાત્રિના સમયે ઠંડીથી રક્ષણ મેળવવા માટે જરૂરી તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

## યુવકને ફોન કરીને વિશ્વાસમાં લઈ ૬૧ હજાર ટ્રાન્સફર કરાયા

કુકરમુંડા- તાપીના કુકરમુંડા ગામે હનુમાન ચોકનો રહેવાસી અને કુકરમુંડા ગામમાં શ્રીરામ ડિજિટલ સેવા દુકાન -ગ્રાહક સેવા કેન્દ્ર (બેન્કિંગ એજન્ટ) ૨૮ વર્ષીય રૂષિ ઉર્ફે રૂષિકેશભાઈ પ્રકાશભાઈ વિસપુતેઓના મોબાઇલ ઉપર તારીખ ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ સાંજે આશરે સાડા ચારેક વાગ્યના સમયે એક અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફોન આવ્યો હતો.

અજાણ્યા ઈસમે યુવકને વિશ્વાસમાં લઇને રૂ. ૫૧,૦૦૦ ટ્રાન્સફર કરવાની વાત કરી હતી ત્યાર બાદમાં યુવકના મિત્ર રાજુભાઈ સુર્યવંશીના મોબાઇલ ઉપર ફોન કરીને પ્લમ્બિંગના કામની લાલચ આપીને તેમને પણ વિશ્વાસમાં લઈ લીધા હતા.

ત્યાર બાદ જે અજાણ્યા ઈસમના મોબાઇલ નંબર પર ત્રણ અલગ-અલગ ટ્રાન્જેકશનમાં રૂપિયા ૨૭,૦૦૦ રૂપિયા ૨૪,૦૦૦ તથા રૂપિયા ૧૦,૦૦૦ મળીને કુલ રૂ. ૬૧,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા.ભોગબનાર યુવક એવા રૂષિ ઉર્ફે રૂષિકેશભાઈ વિસપતે દ્વારા કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમે ફોન કરીને વિશ્વાસમાં લઈ રૂપિયા ૬૧, ૦૦૦ ની ઓનલાઇન છેતરપિંડી કરી ગયેલ હોવા અંગે ફરિયાદ નોંધાવી છે. જે અંગે કુકરમુંડા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

## ચાંદીની કિંમતમાં રૂ. ૨૫ હજારનો વધારો, સોનું પણ ઓલ ટાઇમ હાઇ: બજાર ખૂલતાં જ હાહાકાર




વૈશ્વિક બજારમાં વધતી અસ્થિરતા અને સુરક્ષિત રોકાણની વધતી માંગને કારણે આજે ભારતીય બુલિયન માર્કેટમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. સોના અને ચાંદીના ભાવે આજે તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે અને એક નવી ઐતિહાસિક સપાટીને સ્પર્શી ગયા છે. ગ્લોબલ ઈકોનોમીમાં ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે રોકાણકારો સોના તરફ વળ્યા હોવાથી કિંમતોમાં આ ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

સોમવારે ભારતીય કોમોડિટી માર્કેટ બંધ હતું. પરંતુ ઈન્ટરનેશનલ માર્કેટમાં સોનાના ભાવમાં ભયંકર તેજી જોવા મળી અને પહેલીવાર સોનાનો ભાવ ૫૦૦૦ ડોલર પ્રતિ ઔંસ પહોંચી ગયો. જે બાદ આજે ભારતીય બજાર ખૂલતાની સાથે જ સોનું અને ચાંદી બંનેમાં ભારે તેજી જોવા મળી. એક કિલો ચાંદીની કિંમતમાં ૨૫૦૦૦ રૂપિયાનો વધારો થયો છે. સોનું પણ ૩૭૦૦ રૂપિયા મોંઘુ થયું છે.

ચાંદીની કિંમતો છેલ્લા ૩ મહિનાથી બેકાબુ થઈ ગઈ છે. આજે ખઈડ પર બજાર ખૂલતાં જ ચાંદીનો ભાવ ૩,૫૯,૮૦૦ રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગયો.

સોનાની વાત કરીએ તો ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૫૯,૮૨૦ રૂપિયા પહોંચી ગયો છે. આમ સોનું અને ચાંદી બંનેએ આજે ઇતિહાસના તમામ રેકોર્ડ તોડ્યા છે અને ઓલ ટાઇમ હાઇ પર ટ્રેડ કરી રહ્યા છે. ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં સોનાના વાયદા ભાવમાં ૨૪ હજાર રૂપિયાનો વધારો થયો છે.

### ૬૭ દીકરીના લગ્ન કરાવનારના શિરે ૧૦ તોલા સોનાની પાઘડી

## સુરતમાં હર્ષ સંઘવીની બે હાથ જોડી વિનંતી, ભરવાડ સમાજને રૂઢીચુસ્ત વિચારમાંથી બહાર કાઢો, વહુને દીકરી માનો





સુરત- સુરત શહેરના રાંદેર ખાતે દક્ષિણ ગુજરાત ભરવાડ સમાજ દ્વારા આયોજિત લમાં સમૂહ લગ્નોત્સવે આજે ઇતિહાસ સર્જ્યો છે. અત્યંત શાહી અંદાજમાં યોજાયેલા આ મંગલ પ્રસંગે ૬૭ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

આ પ્રસંગની સૌથી પ્રેરણાદાયી બાબત એ રહી કે, સમૂહ લગ્નનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવનાર મુખ્ય દાતા રણછોડભાઈ ભડિયાદ્રા (ઉર્ફે દાજી)એ આ જ મંડપમાં પોતાની બે દીકરીઓને પણ પરણાવીને સમાજને 'સમાનતા'નો અનોખો સંદેશ આપ્યો હતો.

આ સાથે જ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧૦ તોલાની સોનાની પાઘડી રણછોડભાઈને પહેરાવી હતી. જયારે હર્ષ સંઘવીએ ભરવાડ સમાજને રૂઢીચુસ્ત વિચારોમાંથી નાના પરિવારને તકલીફો ના પડે તે રીતના નિયમો તરફ આગળ વધવા વિનંતી કરી હતી. આ સાથે વહુને દીકરી માનીને થોડી થોડી છૂટ આપવા પણ વિનંતી કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દાજી હું જયારથી સમજતો થયો ત્યારથી મારા મિત્ર છે. અને હું મારા મિત્રને આજે અભિનંદન આપવા આવ્યો છું. એને સમાજમાં એક એવું ઉદાહરણ ઊભું કર્યું. સમાજને માર્ગદર્શન આપવાથી માત્ર કામ નથી ચાલતું. માર્ગદર્શન જોડે-જોડે સમાજને તમે જે દિશાથી ચલાવવા માંગો છો, તેમાં પોતે પણ ચાલવા માંગો છો કે નહીં, તેનું આજે એમને ઉત્તમ ઉદાહરણ આપ્યું છે, તે બદલ હું આજે ખાસ એમને અભિનંદન આપવા આવ્યો છું. ૬૭ નવદંપતીઓ આજે લગ્નના ગ્રંથે જયારે જોડાવાના છે, ત્યારે રામબાપુ અહીંયા આશીર્વાદ આપવા આવ્યા છે.

## વાગરા પોલીસના બે જવાનો સન્માનિત:30 વર્ષથી ફરાર લૂંટારુઓને પકડવા બદલ જિલ્લા કક્ષાએ બહુમાન



વાગરા, ભરૂચ- ૭૭ માં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી આ વર્ષે આમોદ ખાતે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થઈ હતી. આ ગરિમાપૂર્ણ સમારોહમાં માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમો જ નહીં, પરંતુ ફરજ પ્રત્યે અતુલ્ય નિષ્ઠા દાખવનાર રક્ષકોનુંબહુમાન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વાગરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ ભોપાભાઈ ગફુરભાઈ તથા વિપુલભાઈ મનુભાઈને તેમની પ્રશંસનીય કામગીરી બદલ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

3 દાયકા જૂના કેસ ઉકેલવામાં મહત્વની ભૂમિકા : પોલીસ વિભાગમાં તપાસની કુશળતા અને ધીરજ કેટલી જરૂરી છે તેનું ઉત્તમ ઉદાહરણ આ બંને જવાનોએ પૂરું પાડ્યું છે. છેલ્લા 30 વર્ષથી ધાડ અને લૂંટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને પોલીસની ધરપકડથી બચવા નાસતા-ફરતા ત્રણ ખતરનાક આરોપીઓને બાતમી અને સચોટ ઓપરેશન દ્વારા ઝડપી પાડવામાં ભોપાભાઈ અને વિપુલભાઈએ પાયાની ભૂમિકા ભજવી હતી. દાયકાઓ જૂના વણઉકેલાયેલા કેસોના આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી તેમણે કાયદો અને વ્યવસ્થાની વિશ્વસનીયતા વધારી છે. ઉચ્ચ અધિકારીઓના હસ્તે પ્રશસ્તિપત્ર : આમોદના મુખ્ય મંચ પરથી જિલ્લા સમાહર્તા અને જિલ્લા પોલીસ અધિક્ષકના વરદ હસ્તે આ બંને જવાનોને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. જાહેર જનતાની હાજરીમાં થયેલા આ સન્માનથી પોલીસ બેડાનું ગૌરવ વધ્યું છે. ઉલ્લેખનીય છે કે, હેડ કોન્સ્ટેબલ ભોપાભાઈ અગાઉ પણ અનેક વખત જટિલ ગુનાઓના ભેદ ઉકેલવા બદલ ઉચ્ચ અધિકારીઓ દ્વારા સન્માનિત થઈ ચૂક્યા છે, જે તેમની સતત કાર્યશીલતા દર્શાવે છે.

## તાપી જિલ્લામાં ૭૭ માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણીની સાથે સાથે...





૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પ્રજાસત્તાક પર્વના અવસરે ઉચ્છલ-બાબરઘાટ ખાતે કલેક્ટર ડો. વિપીન ગર્ગની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે વિવિધ વિભાગો દ્વારા લોકકલ્યાણકારી યોજનાઓ, સિદ્ધિઓ અને વિકાસકાર્યોને રજૂ કરતા કુલ ૧૧ આકર્ષક ટેબ્લોએ પ્રેક્ષકોનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું.


આમાં પ્રથમ સ્થાન આદિજાતિ વિકાસ વિભાગના ટેબ્લોએ પ્રાપ્ત કર્યું હતું. ટેબ્લોના માધ્યમથી પીએમ જનમન યોજના અંતર્ગત મંજૂર મલ્ટીપર્પઝ સેન્ટર, રોબોટિક લેબ (ઈએમઆરએસ-ઇન્દુ), બાળકો માટેની શૈક્ષણિક ગુણવત્તા અને સુવિધાઓ સાથે સાથે તાપી જિલ્લાના ગૌરવ સમાન ૨૮ આદિવાસી બાળકોના ઇસરોના શૈક્ષણિક પ્રવાસને પ્રભાવશાળી રીતે રજૂ કરવામાં આવ્યો હતો. આ ટેબ્લોએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો.

ગત વર્ષે તાપી જિલ્લાના ૨૮ આદિજાતિ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન સેતુ - તાપી કે તારે પ્રોજેક્ટ અંતર્ગત ઓગસ્ટ ૨૦૨૫ માં ઇસરોના શ્રીહરિકોટા (સતીશ ધવન સ્પેસ સેન્ટર) નો શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન મોટા ભાગના વિદ્યાર્થીઓએ પ્રથમ વખત વિમાનયાત્રાનો અનુભવ કર્યો હતો અને અવકાશ વિજ્ઞાન પ્રત્યે નવી પ્રેરણા મેળવી હતી.

ઉલ્લેખનીય છે કે પાણી પુરવઠા વિભાગ (વાસ્મો) દ્વારા નલ સે જલ યોજના અંતર્ગત લોકભાગીદારી આધારિત પીવાના પાણીની વ્યવસ્થાની ઝાંખી રજૂ કરતો ટેબ્લો દ્વિતીય ક્રમે રહ્યો હતો, જયારે ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ દર્શાવતો ટેબ્લો ત્રીજા ક્રમે રહ્યો હતો.

વ્યારા વન વિભાગ દ્વારા લખપતિ દીદી નર્સરી અને વન કવચ યોજનાની થીમ રજૂ કરવામાં આવી હતી. જયારે આરોગ્ય વિભાગે સ્વસ્થ ગુજરાત - NCD મુક્ત ગુજરાતનો સંદેશ આપ્યો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પોષણ ભી - પઢાઈ ભી થીમ રજૂ કરવામાં આવી હતી. ખેતીવાડી અને આત્મા વિભાગે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો પ્રચાર કર્યો, જયારે DGVCL દ્વારા સૌર ઊર્જા સંચાલિત ખેતીવાડી પંપ અને સોલાર રૂફટોપ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ ઉપરાંત પશુપાલન વિભાગ તથા ફાયર વિભાગ દ્વારા ફાયર એન્ડ સેફ્ટીના નિદર્શન સાથે પ્રજાસત્તાક પર્વની ઉજવણીને યાદગાર બનાવવામાં આવી હતી.

## નવસારીથી ઝડપાયો અલ-કાયદાથી પ્રભાવિત યુવક! હથિયારો ખરીદી હુમલાનું કાવતરું રચી રહ્યો હતો




ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ ની ટીમે સોમવારે (૨૫ મી જાન્યુઆરી) નવસારીના ચારપુલ વિસ્તારમાંથી એક શંકાસ્પદ યુવકની ધરપકડ કરી છે. પકડાયેલ આરોપીની ઓળખ ફૈઝાન શેખ તરીકે થઈ છે, જે મૂળ ઉત્તર પ્રદેશના રામપુરનો વતની છે અને હાલ નવસારીમાં વસવાટ કરી રહ્યો હતો.

ATSની તપાસમાં સામે આવ્યું છે કે, ફૈઝાન શેખ પ્રતિબંધિત આતંકી સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને અલ-કાયદાની કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત થયો હતો. ઓનલાઇન માધ્યમો અને અન્ય રીતે રેડિકલાઇઝ થયા બાદ, તેણે સમાજમાં ભય ફેલાવવાના અને અરાજકતા ઊભી કરવાના હેતુથી ચોક્કસ જૂથના વ્યક્તિઓને નિશાન બનાવવાનું કાવતરું ઘડ્યું હતું.

આ આતંકી કૃત્યને અંજામ આપવા માટે તેણે ગેરકાયદે રીતે હથિયાર અને જીવતા કારતૂસ (એમ્યુનિશન) પણ મેળવી લીધા હતા. હાલ એટીએસ આ મામલે તપાસ કરી રહી છે કે તેને હથિયારો કોણે પૂરા પાડ્યા અને તેના અન્ય કોઈ સાથીદારો આ કાવતરામાં સામેલ છે કે કેમ.

૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ થયેલી આ ધરપકડ બાદ ફૈઝાન શેખને આજે (૨૭મી જાન્યુઆરી) કોર્ટને રજૂ કરવામાં આવ્યો હતો, જયાંથી ATSએ તેના ૧૨ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. ફૈઝાન શેખ હાલમાં નવસારીના ચારપુલ વિસ્તારમાં રહે છે અને મૂળ ઉત્તરપ્રદેશના રામપુર જિલ્લાના ડુંડાવાલા, નરપત નગરનો વતની છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી નવસારીમાં ટેલરિંગનું કામ કરીને રોજગારી મેળવતો હતો છે.

## સમુદ્ર મધ્યે ગુંજયો રાષ્ટ્રગાનનો નાદઃ દેવભૂમિ દ્વારકાના ૧૫ દુર્ગમ ટાપુઓ પર લહેરાવાયો તિરંગો



સોમવારે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ ભારતના ૭૭ મા પ્રજાસત્તાક પર્વની દેશભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી, ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સુરક્ષા એજન્સીઓએ દરિયાની વચ્ચે દેશભક્તિનો જબરો જુસ્સો બતાવ્યો છે. જિલ્લા પોલીસ, મરીન ટાસ્ક ફોર્સ અને ભારતીય નેવીના સંયુક્ત ઉપક્રમે દરિયામાં આવેલા ૧૫ જેટલા દુર્ગમ ટાપુઓ પર રાષ્ટ્રધ્વજ લહેરાવી ગણતંત્ર દિવસની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી.

દ્વારકાનો દરિયાકાંઠો વ્યુહાત્મક રીતે અત્યંત મહત્ત્વનો છે. આજે પ્રજાસત્તાક દિન નિમિત્તે પોલીસ અને નેવીની ટીમોએ દરિયાઈ માર્ગે ખાસ પેટ્રોલિંગ કરી અઝાડ, ધબધબો, લેફામારુડી, માનમરુડી, સામિયાણી, રોજી, સિયાયડી અને ગાડૂ જેવા ૧૫ નિર્જન અને દુર્ગમ ટાપુઓ પર પહોંચી હતી. આ ઉપરાંત કાળુભાર, ભૈદર, ખારા ચુસણા, મીઠા ચુસણા, દિવડી, કૂડચલી અને આસાભા ટાપુઓ પર પણ ગર્વ સાથે તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

### રોજગાર-નિકાસલક્ષી બજેટ અનેક સળગતી સમસ્યાનો આસાન ઉકેલ લાવી શકે છે..



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર પણ રોજગારી ઉભી કરવામાં મહત્વના બની રહ્યા છે. છેલ્લા અહેવાલ પ્રમાણે વિશ્વની ટોચની ત્રણ કંપનીઓએ ભારતમાં ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર શરૂ કરવા તૈયારી બતાવી છે

ફ્રાન્સની બહુ નામાંકીત કોસ્મેટીક ફર્મ લોરિયલ ભારતમાં તેનું પહેલું ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર ૩૫૦૦ કરોડના શરૂઆતના રોકાણ સાથે શરૂ કરશે

એક તરફ યુરોપીયન યુનિયન સાથે ભારતના એફટીએ (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ)નો તખ્તો તૈયાર થઇ ગયો છે તો બીજી તરફ પાંચ દિવસ પછી ભારતનું બજેટ બહાર પડશે. બજેટમાં દરેક વર્ગને ખુશ કરી શકાતો નથી પરંતુ લોકોના ખિસ્સામાંથી કેવી રીતે પૈસા ખેચી લેવા તેની સરકારી કુનેહ જોવા મળે છે. વિશ્વમાં ચોથા નંબરનું આર્થિક તંત્ર બનેલું ભારત તેના બજેટમાં પણ નવા ફેરફાર લાવે તે જરૂરી છે. વર્તમાન સરકાર પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં બજેટમાં આમૂલ ફેરફાર કરવાથી તે દુર રહે છે. અન્ય દેશોમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે ત્યારે ભારત જુવાનીયાઓથી છલકાય છે.

દેશના લોકો, દેશની કંપનીઓ, દેશના શાસકો, દેશના વિપક્ષો એમ દરેક દેશનો વિકાસ અને ગ્રોથ ઇચ્છે છે પરંતુ કેટલાક પરિબળો જેવાંકે, બેરોજગારી, ઓછું વળતર, કંપનીના કાયદાઓ, પ્રાઇવેટ કંપનીઓની મનમાની, નિવૃત્તિ લોકોને મળતા પેન્શન વગેરેનું નિરાકરણ સરકાર લાવી શકતી નથી.

બજેટમાં મુખ્ય બે મુદ્દા પર ભાર મુકવાની જરૂર છે. એક છે રોજગારી ઉભી કરો અને બીજું એ કે નિકાસમાં વધારો કરો. સીધા અને આડકતરા વેરા વગેરે મહત્વના છે પરંતુ જો રોજગારી વધારાશે તો અનેક સળગતી સમસ્યાનો અંત આવી શકે છે.

દેશના શેરબજારમાંથી વિદેશી રોકાણકારો પીછેહઠ કરી રહ્યા છે પરંતુ અન્ય ક્ષેત્રોમાં વિદેશી રોકાણકારો મોટા પાયે રોકાણ કરવા તત્પર બન્યા છે. તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડના દાઓસ ખાતે મળેલી વર્લ્ડ ઇકોનોમીક ફોરમમાં ભારત છવાઇ ગયું હતું.

વિકસિત ભારતની દિશામાં આગળ વધવા નાણા પ્રધાન વારંવાર ચિપીયો પછાડતાજ હોય છે પરંતુ તે દિશામાં ભારત મંદ ગતિએ આગળ વધી રહ્યું છે. રોજગારી વધારવા ભારતને એમએસએમઇ સેક્ટરને ટેકો આપીને મહત્વનું પગલું ભર્યું છે તો બીજી તરફ મહિલાઓને વધુ રોજગારી મળે તેવા પ્રયોસો કર્યા છે. કૃષિક્ષેત્ર કિસાનોને વધુ આવક મળતી રહે તેવા પ્રોજેક્ટ પણ ઉભા કર્યા છે અને તેમના ખાતામાં સીધીજ રાહતો પહોચે તેવા આયોજનો પણ કર્યા છે. જે ક્ષેત્રોનો જીડીપીમાં ઓછો ફાળો છે તેમને વધુ કાર્યક્ષમ બનાવ્યા છે. ઉત્પાદનો વધારવા અને મેઇડ ઇન ઇન્ડિયાના કોન્સેપ્ટના પગલે વિદેશની કંપનીઓ ભારત તરફ આકર્ષાઇ છે. જે ક્ષેત્રોનો જીડીપીમાં વધુ ફાળો છે તેમને વધુ ઉત્પાદન તૈયાર કરવા માટે પ્રોત્સાહીત કરાશે.

નોન ફાર્મ જોબ એટલેકે કૃષિ સિવાયના ક્ષત્રોમાં ૨૦૩૦ સુધીમાં ૮૦ લાખ જેટલી જોબ દર વર્ષે ઉભી કરવાનો લક્ષ્યાંક રખાયો છે. તે પુરો કરવા સરકાર પ્રયાસ કરે છે પણ તેમાં જોઇતી સફળતા મળી નથી.

નવા ક્ષેત્રો જેવાં કે ડેટા સેન્ટરો, કોડીંગ સેન્ટર,ઇકોમર્સ, ડિજીટલ સિસ્ટમ વગેરેને જોઇતી સ્કીલ્ડ લેબર તૈયાર કરવામાં આવી રહી છે. આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સના કારણે તેમજ મશીન લર્નીંગના પગલે જોબમાં કપાત આવશે તેના માટે પણ લોકોએ તૈયાર રહેવું પડશે. આર્થિક નિષ્ણાતોના મતે બજેટમાં રોજગારી ઉભી કરવી, તેના પગલે ઉત્પાદન વધારવું અને ઉત્પાદનની નિકાસ વધારવા પર ભાર મુકવાની વાત કરી છે. એક તરફ જયારે યુરોપના દેશો સાથે ફ્રી ટ્રેડ કરાર હાથવેતમાં છે અને અમેરિકાના પ્રમુખ ફૂણા પડતા ભારત અમેરિકા વચ્ચેના ટ્રેડ કરાર આગળ વધ્યા છે ત્યારે બજેટ પણ રોજગાર ઉભો કરનાર હોવું જોઇએ. ભારત સામે વૈશ્વિક પડકારો અનેક છે. ભારતની આર્થિક સ્થિતિ મજબૂત હશે તો તે પડકારોને પહોચી શકશે. ભારતમાં હાઇનેટવર્થ ધરાવતા લોકોની યાદી લાંબી થતી જાય છે. લોકો પ્રવાસના સ્થળો પણ વિદેશના પસંદ કરી રહ્યા છે એમ રહેવાના સ્થળો પણ સિંગાપુરમાં પસંદ કરી રહ્યા છે. જોકે તેના પગલે આર્થિક અસામનતા ઉભી થવાનો ડર વધ્યો છે. પૈસાદાર વધુ પૈસાદાર અને ગરીબ વધુ ગરીબ બને તે ચિંતાનો વિષય છે. ભારતનું કોર્પોરેટ જગત ઉધોગના વિકાસ સાથે સંમત છે. તેમનો સહકાર મળી રહ્યો છે પરંતુ બજેટમાં તે રાહત માંગે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક—મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ—૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ—૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વાલોડના ઇસમના ખાતામાંથી ફિંગર પ્રિન્ટ મારફ્તે ૧.૨૦ લાખની ઠગાઈ



**સાયબર ફ્રોડ થયેલ હોવાની શંકા જતા તેમણે ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોધાવી હતી.**

વાલોડ- વાલોડ દોડીયા ફળિયામાં રહેતા વનરાજસિંહ મહેન્દ્રસિંહ પરમારનું વાલોડ ખાતે આવેલી બેંક ઓફ બરોડા શાખામાં તેમની માતા સાથે જોડાણ (જોઈન્ટ) ખાતું છે. આ ખાતું તેમના મોબાઇલ નંબર સાથે પણ લિંક કરવામાં આવેલ છે. તા. ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ બેંક ઓફ બરોડાની બાજુમાં આવેલ સુવિધા કેન્દ્રમાંથી ફિંગર પ્રિન્ટ મારફતે રૂ.૫,૦૦૦ ઉપાડવામાં આવ્યા હતા.

ત્યારબાદ તા. ૦૧/૦૧/૨૦૨૬ના રોજ સવારે વનરાજસિંહ પરમાર ખાતાની બેલેન્સ બાબતે પૂછપરછ કરવા માટે બેંક ઓફ બરોડા, વાલોડ શાખામાં ગયા હતા. ત્યાં ખાતામાંથી રકમ ઓછી હોવાનું જાણવા મળતા તેમને શંકા ઉપજી હતી. જેના પગલે પાસબુકમાં એન્ટ્રી કરાવતા ચોંકાવનારો ખુલાસો થયો હતો.

પાસબુક મુજબ તા. ૦૨/૦૮/૨૦૨૫, ૧૭/૦૯/૨૦૨૫, ૨૭/૦૯/૨૦૨૫, ૦૬/૧૦/૨૦૨૫, ૧૮/૧૦/૨૦૨૫, ૧૧/૧૧/૨૦૨૫, ૨૯/૧૧/૨૦૨૫, ૦૪/૧૨/૨૦૨૫, ૦૮/૧૨/૨૦૨૫ અને ૧૦/૧૨/૨૦૨૫ સહિત કુલ ૧૨ અલગ- અલગ વ્યવહારો મારફતે રૂ.૧,૨૦,૦૦૦ ઉપાડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ તમામ વ્યવહારો તેમણે કે તેમની માતાએ કર્યા ન હોવાનું તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું.

આ બાબતે બેંક મેનેજરને પૂછપરછ કરતા જણાવાયું હતું કે ખાતામાંથી રકમ ફિંગર પ્રિન્ટ દ્વારા ઉપાડવામાં આવી છે તેમજ આજદિન સુધી બેંકની બાજુમાં આવેલ જનસેવા કેન્દ્ર અને એટીએમ મારફતે રકમ ઉપાડવામાં આવી છે.

આ ઘટનાની જાણ યુવરાજભાઈને થતા સાયબર ફ્રોડ થયેલ હોવાની શંકા જતા તેમણે ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોધાવી હતી.અજાણ્યા ઇસમ દ્વારા ફિંગર પ્રિન્ટનો ગેરકાયદેસર ઉપયોગ કરી ખાતામાંથી ૧.૨૦ લાખ ઉપાડી ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ નોધાવાઇ છે. ડિજિટલ યુગમાં ફિંગર પ્રિન્ટ આધારિત વ્યવહારોને સુરક્ષિત માનવામાં આવે છે, પરંતુ એક જ ફિંગર પ્રિન્ટનો વારંવાર ઉપયોગ કરી બાર વખત ખાતામાંથી રકમ ઉપાડવામાં આવવી ગંભીર ચિંતાનો વિષય છે.

# પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં ૭૭ મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

## મહિલા પોલીસ અને શ્વાન દળની આકર્ષક પરેડ, ૨૦૨૬ નું લક્ષ્ય 'નો ડ્રગ્સ' અભિયાન અને સાયબર ક્રાઈમ પર લગામ





સુરત- ૨૬ મી જાન્યુઆરીના રોજ સુરત શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૭૭ મા ગણતંત્ર દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે શહેરના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું હતું અને સુરત પોલીસની વિવિધ પાંખો દ્વારા શિસ્તબદ્ધ પરેડનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પરેડ આ વર્ષની ઉજવણીમાં વિશેષ આકર્ષણ મહિલા સશક્તિકરણનું રહ્યું હતું. પોલીસ વિભાગની મહિલા ટુકડીઓએ અદભૂત કદમતાલ મિલાવી નારી શક્તિનો પરિચય આપ્યો હતો. એટલું જ નહીં, સુરક્ષામાં મહત્ત્વનો ફાળો આપતા ડોગ સ્ક્વોડના તમામ શ્વાનોએ પણ પરેડમાં ભાગ લીધો હતો. શિસ્તબદ્ધ રીતે કરવામાં આવેલી આ પરેડ જોઈ ઉપસ્થિત નાગરિકો મંત્રમુગ્ધ થયા હતા.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે પોતાના સંબોધનમાં સુરતને 'મિનિ ભારત' ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ૯૦ લાખની વસ્તી ધરાવતું આ શહેર વિવિધતામાં એકતાનું પ્રતીક છે. સુરત પોલીસની વિશેષતા એ છે કે અહીંના જવાનો તમામ ભાષાઓમાં વાતચીત કરી શકે છે, જે બહારથી આવીને વસેલા લોકો માટે આશીર્વાદરૂપ છે. તેમણે સુરત પોલીસની કામગીરીને બિરદાવી તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સુરતને ગુનામુક્ત બનાવવા માટે કમિશનરે મહત્વની જાહેરાતો કરી હતી. તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૬માં 'નો ડ્રગ્સ' અભિયાનને વધુ વેગવંતુ બનાવવામાં આવશે. યુવાધનને બચાવવા માટે નશાના કારોબારીઓ સામે કડક હાથે કામ લેવામાં આવશે. આ સાથે જ સાયબર ક્રાઈમ અને ટ્રાફિક નિયમન જેવી જટિલ સમસ્યાઓ ઉકેલવા માટે પણ આધુનિક ટેક્નોલોજી અને જનભાગીદારી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

પોલીસ કમિશનરે ગુનેગારોને કડક ચેતવણી આપતા જણાવ્યું હતું કે, શહેરમાં શાંતિ જાળવવા માટે ગેરકાયદેસર પ્રોપર્ટી ડિમોલિશ કરવાની કાર્યવાહી તેજ કરવામાં આવશે. લોકોની સુવિધા માટે ખાસ 'હેલ્પડેસ્ક' બનાવવામાં આવ્યું છે. તેમણે અંતમાં ઉમેર્યુંકે, સુરત પોલીસની તમામ કામગીરીમાં જનતાનો સહયોગ અનિવાર્ય છે અને લોકોના સહકારથી જ સુરતને વધુ સુરક્ષિત અને વિકસિત બનાવી શકાશે.

# બાઈક સ્લીપ થઈ વીજપોલ સાથે અથડાતા ઘવાયેલા યુવાનનું મોત

વ્યારા- વ્યારા તાલુકાના ઉમરકુઇ ગામે ડુંગરી ફળીયામાંથી પસાર થતા જાહેર રોડ પર થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવ અંગે વ્યારા પોલીસ સ્ટેશનમાં અકસ્માતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ વ્યારા પોલીસ મથકે કરશનભાઈ રમેશભાઈ ચૌધરી (ઉ.વ. ૩૦, ધંધો: મજૂરી), હાલ રહે. અંતાપુર ગામ પડાવ, તા. ડોલવણ, જિ. તાપી દ્વારા ફરિયાદ નોધાવવામાં આવી છે.

જેમાં જણાવ્યા અનુસાર ગત તા. ૧૫/૧૨/૨૦૨૫ના રોજ અંદાજે ૦૪:૦૦ કલાકના અરસામાં આ અકસ્માત બન્યો હતો.

મરણજનાર રતનભાઈ રમેશભાઈ ચૌધરી (ઉ.વ. ૩૫), રહે. લાહણકડ, માણી શાળા પાસે, તા. સુબિર, જિ. ડાંગ, પોતાના કબ્જાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ (રજી. નં. ઉં-૧૫-અઋ-૬૨૭૯) પર પુરઝડપે અને બેદરકારીપૂર્વક જઈ રહ્યા હતા.

વ્યારા તાલુકાના ઉમરકુઇ ગામે લાઇટના થાંભલા પાસે પહોચતા અચાનક મોટરસાયકલ સ્લીપ થઈ જતા રોડ સાઇડમાં આવેલા લાઇટના થાંભલા સાથે અથડાઈ હતી.

અકસ્માતમાં રતનભાઈ રોડ પર પટકાતા તેમના માથાના ભાગે ગંભીર ઇજાઓ તેમજ શરીરના અન્ય ભાગોમાં પણ ઇજાઓ થઈ હતી. બનાવની જાણ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને પહેલા વ્યારા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ત્યારબાદ વધુ સારવાર માટે સુરત જનરલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં લાંબી સારવાર બાદ તા. ૨૬/૧૨/૨૦૨૫ના રોજ તેમનું મોત થયું હતું.આ મામલે વ્યારા પોલીસે ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોધાવી કાર્યવાહી હાથ ધરી છે.

## તાપી નદીની મધ્યમાં ૨૦ ફૂટ લાંબો રાષ્ટ્રીય ધ્વજ

# સુરત મહાનગરપાલિકાનો કરતબ ૯૦ મીટર ઊંચા બે હાઇડ્રોલિક મશીનથી તિરંગો લહરાયો, સુરતમાં દેશભક્તિનો અનેરો જુસ્સો



સુરત- સુરત જે પોતાની અનોખી જીવનશૈલી માટે જાણીતું છે, તેણે આ વર્ષે પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં નવો ઇતિહાસ રચ્યો છે. એક તરફ તાપી નદીના પવિત્ર જળમાં ૨૦ ફૂટ લાંબો વિશાળકાય તિરંગો લહેરાતો જોવા મળ્યો, તો બીજી તરફ સુરત મહાનગરપાલિકા દ્વારા ૯૦ મીટર ઊંચા બે હાઇડ્રોલિક મશીનો વડે આકાશમાં ગૌરવવંતું ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ડાયમંડ સિટીના ખૂણેખૂણે આજે દેશભક્તિનો અનેરો જુવાળ જોવા મળી રહ્યો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત સત્તાવાર કાર્યક્રમમાં આ વખતે કંઈક એવું જોવા મળ્યું જે લોકોએ ક્યારેય વિચાર્યું ન હતું. જે ૯૦ મીટર ઊંચા હાઇડ્રોલિક મશીનો સામાન્ય રીતે ભયાનક આગ ઓલવવા માટે વપરાય છે, તેનો ઉપયોગ આજે તિરંગાને સલામી આપવા માટે કરવામાં આવ્યો હતો. ૯૦ મીટર એટલે કે અંદાજે ૩૦ માળ જેટલી ઊંચાઈએ જ્યારે તિરંગો લહેરાયો, ત્યારે આખું સુરત ગર્વથી નિહાળી રહ્યું હતું. મનપા પાસે આવા પાંચ મશીનો છે, જેમાંથી બે વિશાળકાય મશીનોએ આ ભવ્યતામાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

જે પાઇપમાંથી માત્ર પાણીની ધાર છૂટતી હોય છે, આજે તેમાંથી દેશભક્તિના રંગો પ્રગટ્યા હતા. હાઇડ્રોલિક મશીનોની આસપાસ ફાયર બ્રિગેડ દ્વારા ખાસ ટેકનિકથી કેસરી, સફેદ અને લીલા રંગના પાણીના ફુવારા છોડવામાં આવ્યા હતા. આકાશમાં પાણીના માધ્યમથી બનેલા આ કૃત્રિમ તિરંગાએ વાતાવરણને એકદમ રમણીય બનાવી દીધું હતું. હવામાં ઉડતા પાણીના બિંદુઓ જાણે રાષ્ટ્રધ્વજને સ્નાન કરાવી રહ્યા હોય તેવો આભાસ થતો હતો.

બીજી તરફ સુરતની જીવાદોરી સમાન તાપી નદીમાં પણ અદભૂત નજારો જોવા મળ્યો હતો. સ્થાનિક દેશભક્તો અને તરવૈયાઓ દ્વારા તાપી નદીની વચ્ચોવચ ૨૦ ફૂટ લાંબો અને ૮ ફૂટ પહોળો વિશાળ તિરંગો મૂકવામાં આવ્યો હતો. નદીના શાંત જળની વચ્ચે લહેરાતો આ તિરંગો દૂર-દૂરથી જોઈ શકાતો હતો. તાપીના મોજાંઓ સાથે લહેરાતા આ ધ્વજને જોવા માટે રિવરફ્રન્ટ અને બ્રિજ પર લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

તાપી નદીમાં મુકાયેલા આ વિશાળ તિરંગાના કારણે ત્યાંથી પસાર થતા લાખો વાહનચાલકો અને રાહદારીઓ પળવાર માટે થંભી ગયા હતા. નદીની વચ્ચે રાષ્ટ્રધ્વજની આ પ્રકારની સ્થાપના સુરતમાં પ્રથમવાર જોવા મળી હતી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કામરેજની રામકબીર શાળાની શહેરી અને સુરત જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી








**સુરત-** વર્ષ ૨૦૨૫ - ૨૦૨૬ ના વર્ષમાં જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહન આપતી ગુજરાત સરકારની યોજના હેઠળ સુરત શહેર અને જિલ્લા માટે સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાઓ પાસે દરખાસ્ત મંગાવવામાં આવી હતી જેમાં શહેરી વિસ્તારની શાળાઓમાં કે એન્ડ એમ પી હાઈસ્કૂલ અમરોલી, સી સી શાહ અંગ્રેજી માધ્યમ (એક્સપરીમેનટલ), એલ ડી હાઈસ્કૂલ સચિન, સિમગા અંગ્રેજી માધ્યમ તેમજ ગ્રામ્ય વિસ્તાર ની કે વી કો ઓ માધ્યમિક શાળા (રામકબીર હાઈસ્કૂલ, કામરેજ), સેગવાછામા હાઈસ્કૂલ ઓલપાડ, સંજીવની હાઈસ્કૂલ દામકા, વી એફ ચૌધરી હાઈસ્કૂલ માંડવી , અને એસ કે પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ વાંકાનેર સહિત કુલ ૯ જેટલી શાળાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં તમામ શાળાઓનું ઝીણવટપૂર્વક અવલોકન માટેના જુદા જુદા વિભાગો શાળા ભાવાવરણ, અસરકારક વર્ગકાર્ય, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરિણામલક્ષી લોક ભાગીદારી, શાળાની પ્રેરક વિશેષતાઓ, શાળા ગુણોતસવ, બોર્ડની પરીક્ષા ના પરિણામો, શિષ્યવૃત્તિ માટેની જુદી જુદી બાહ્ય પરીક્ષાના પરિણામો, શાળા ની હાજરી તેમજ વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે શાળા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓનું અવલોકન કરી ૧૫૦ ગુણમાથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું જેમાં ધી કે વી કો ઓ માદયમિક શાળા (શ્રી રામકબીર હાઈસ્કૂલ, કામરેજ) ૧૨૭ ગુણ મેળવી ને શહેર અને જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી વિજેતા તરીકે જાહેર કરવામાં આવી હતી. આ ઝળહળતી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત , માનદ્ મંત્રી શ્રી પરેશભાઈ ભક્ત , ખજાનચી શ્રી જિજ્ઞેશભાઇ ભક્ત તથા અન્ય હોદ્દેદારોએ શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસાઈ, ઉ. મા. નિરીક્ષક શ્રી કેતનભાઇ દેસાઈ તથા તમામ રામકબીર શાળા પરિવાર ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી રાજ્ય કક્ષા માટે શુભેચ્છા પાઠવી હતી.

# કામરેજ ટોલ પ્લાઝા નજીક કબાડીના ગોડાઉનમાં આગ:વાહનોના પાટ્‌ર્સ અને ૧૫થી વધુ કાર ભસ્મીભૂત, ફાયર ટીમો ઘટનાસ્થળે

કામરેજ- સુરત જિલ્લામાં કામરેજ ટોલ પ્લાઝા નજીક આવેલા એક કબાડીના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં વાહનોના વિવિધ પાટ્‌ર્સ અને ગોડાઉન બહાર પાર્ક કરેલી ૧૫થી વધુ કાર આગની લપેટમાં આવી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં તેણે આસપાસના વિસ્તારને પણ પોતાની ઝપેટમાં લઈ લીધો હતો. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. આગની જાણ થતાં જ કામરેજ અને સુમિલોન સહિતની ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સુરત જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ પણ સ્થળ પર હાજર રહી પરિસ્થિતિને નિયંત્રિત કરી હતી.

જોકે, આગ કયા કારણોસર લાગી તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગ લાગવાનું કારણ અકબંધ છે અને તેની તપાસ ચાલી રહી છે.




જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

# જે. એમ. પટેલ હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક પર્વની ઉજણી:મુકેશ પટેલના હસ્તે ધ્વજવંદન કરાયું, વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા



બારડોલી- બારડોલી સ્થિત શ્રી નવદુર્ગા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પી.એસ. પટેલ પ્રાથમિક વિભાગ અને એચ. એમ. પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલના પટાંગણમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ૭૭ મા પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અર્થમ ગ્રુપના મુકેશભાઈ એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ભરતભાઈ આર. પટેલ અને વિક્કી કુમાર એમ.પટેલ (અર્થમ ગ્રુપ, કારેલી, બારડોલી) પણ જોડાયા હતા. શ્રી નવદુર્ગા સાર્વજનિક કેળવણી મંડળના ટ્રસ્ટી નગીનભાઈ બી. પટેલ અને ચેતનભાઇ જે. પટેલ, પ્રમુખ મુકેશભાઈ એસ. પટેલ, મંત્રી કાંતિલાલ આર.પટેલ, સહમંત્રી રાજેશભાઈ એમ. પટેલ, કોષાધ્યક્ષ મિનેશભાઈ વી.પટેલ સહિત તમામ હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ ઉપરાંત, નવચેતન કન્યા છાત્રાલયના હોદ્દેદારો, તમામ વિભાગના આચાર્યશ્રીઓ, શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌપ્રથમ, મુખ્ય અતિથિ મુકેશભાઈ એમ.પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યા સ્નેહલબેન ડી.પટેલે ૭૭ મા પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સ્વચ્છતા, એકતા અને ટેક્નોલોજીના યોગ્ય ઉપયોગ અંગે પ્રેરણાદાયક ઉદબોધન આપ્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા દેશભક્તિ ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત ગાન કરીને પ્રજાસત્તાક દિનની ઉજવણીની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# વાંકલની સોસાયટીમાં બંધ ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું:સોનાના દાગીના અને રોકડ સહિત રૂ.૨ લાખની ચોરી



**બારડોલી, માંગરોળ-** માંગરોળ તાલુકાના વાંકલ ગામની ગુલાબ પાર્ક સોસાયટીમાં તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવ્યું છે. નિવૃત્ત તલાટી વસંતલાલ કેશવભાઈ ચૌધરીના મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ રૂ. ૨ લાખની મતાની ચોરી થઈ છે.

ચૌધરી પરિવાર લગ્ન પ્રસંગની તૈયારીઓ માટે વાંકલ નજીક આવેલા ઇસનપુર ગામે પોતાના વતન ગયો હતો. આ દરમિયાન રાત્રિના સમયે ચોર ઇસમોએ ઘરના દરવાજાનો નકુચો કટર વડે કાપી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને ચોરીને અંજામ આપી ફરાર થઈ ગયા હતા.

સવારે વસંતલાલના પુત્ર વતનથી ઘરે પરત ફર્યા ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો અને કબાટમાં કપડાં તથા સામાન અસ્તવ્યસ્ત હાલતમાં જોવા મળ્યા હતા. તેમણે તાત્કાલિક પરિવારને જાણ કરી હતી.

તપાસ કરતાં કબાટમાં રાખેલ અઢી તોલાનું સોનાનું મંગળસૂત્ર, બે સોનાની વીંટી અને રોકડા રૂ.૯૦,૦૦૦ ની ચોરી થઈ હોવાનું જણાયું હતું. આ ઘટના બાદ વસંતલાલ ચૌધરીએ માંગરોળ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. ચોરીનો ભોગ બનેલા પરિવારે પરપ્રાંતિય ભંગાર લેવા આવતા ઇસમો પર શંકા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે આવા ઇસમોના આટાફેરા વધ્યા છે અને તેમને શંકા છે કે આ ઇસમોએ રેકી કરીને તેમના ઘરને નિશાન બનાવ્યું હશે. થોડા સમય પહેલા જ સ્નેહલ પાર્ક સોસાયટીમાં એક શિક્ષિકાના બંધ ઘરમાંથી પણ સોનાના દાગીનાની ચોરી થઈ હતી. વાંકલની સોસાયટીઓમાં ચોરીના બનાવો યથાવત રહેતા, પરિવારે ચોર ઇસમો વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# બોરદામાં બનશે પશુ દવાખાનું:૨૦ ગામના પશુપાલકોને ૫૦ કિમીના ધક્કામાંથી મુક્તિ

સોનગઢ -નવનિર્મિત ઉકાઈ તાલુકાના છેવાડે આવેલા અને અંતરિયાળ ગણાતા બોરદા મથકે પશુ દવાખાનું મંજૂર થતાં પશુપાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારના અંદાજિત ૧૦ થી ૧૨ હજાર જેટલા પશુઓને હવે સારવાર માટે ૫૦ કિમી દૂર સોનગઢ સુધી નહીં લઈ જવા પડે. સોનગઢથી ૫૨ કિમી દૂર આવેલા બોરદા વિસ્તારના પશુપાલકોને અત્યાર સુધી પશુઓની સારવાર માટે ભારે હાલાકી વેઠવી પડતી હતી.

બીમાર પશુઓને ટ્રક કે ટેમ્પોમાં ભરી છેક સોનગઢ લઈ જવામાં સમય અને ઇંધણનો મોટો ખર્ચ થતો હતો; વળી, સમયસર સારવાર ન મળતા પશુ મૃત્યુના કિસ્સા પણ બનતા હતા. હવે બોરદા ખાતે જ દવાખાનું શરૂ થનાર હોય આજુબાજુ ના ૨૦ ગામડાંના ખેડૂતોને મોટી આર્થિક રાહત થશે. આ પશુ દવાખાના માટે બોરદા પંચાયતના સરપંચ ગંગાબેન વસાવા છેલ્લા દોઢ વર્ષથી રજૂઆત કરી રહ્યા હતા

ઉપરાંત સ્થાનિક પ્રદિપકુમાર વસાવાએ ધારાસભ્ય કુંવરજી ઉકાઈ તાલુકાનું બોરદા ગામ મધ્યમાં હોવાથી આજુબાજુના અંદાજે ૨૦ ગામડાંના પશુપાલકો માટે આ સેન્ટર આશીર્વાદરૂપ બનશે અને અંદાજિત ૧૨ હજાર જેટલાં પશુઓને સારવાર નો સીધો લાભ મળશે .આ સાથે જ નજીકના સાગબારા તાલુકાના પશુપાલકો માટે પણ આ દવાખાનું ઘણું ઉપયોગી સાબિત થશે. હળપતિ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી હતી.

જેના ફળસ્વરૂપે બરાબર એક મહિના બાદ, ૦૭-૧૨-૨૦૨૫ના રોજ રાજય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના પત્ર મુજબ બોરદા ખાતે નવું પશુ દવાખાનું શરૂ કરવાની મંજૂરી અપાઇ છે.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)